IIFL FINANCE

CIN: L67100MH1995PLC093797
Regd. Office: IIFL House, Sun Infotech Park, Road No. 16V, Plot No.B-23, Thane Industrial Area, Wagle Estate, Thane - 400604
Tel: (91-22) 41035000 • Fax: (91-22) 25806654
E-mail: reach@iifl.com • Website: www.iifl.com

સોનાના દાગીનાની ઈ-લિલામીની જાહેર સૂચના

અત્રે ચોક્કસ રીતે સર્વ સંબંધિત ઋણદાર(રો) અને સામાન્ય રીતે જનતાને માહિતગાર કરવામાં આવે છે કે અમે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ ("આઈઆઈએફએલ") દ્વારા નોંધણીકૃત લિલામીની સૂચનાઓ થકી અને વારંવાર યાદગીરીઓ થકી માહિતગાર કરવા છતાં જેમણે પોતાની લોન નિયમિત કરી નથી કે બાકી રકમ ચૂકવી નથી તેવા કસૂર કરનારા ગ્રાહકોના સોનાના દાગીના લિલામ કરી રહી છે. નિમ્નલિખિત ખાતાંમાં ગિરવે મુકાયેલા સોનાના દાગીનાની જાહેર લિલામી **22.02.2025 ના રોજ બપોરે 02:00 થી 05:00** વચ્ચે તેમના ઓનલાઈન લિલામી મંચ **https://egold.auctiontiger.net** થકી **ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજીઝ લિમિટેડ** ઓનલાઈન હાથ ધરાશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં ફેરફાર લિલામી કેન્દ્ર ખાતે પ્રદર્શિત કરાશે. જો કોઈ કારણસર ઈ–લિલામી અહીં ઉલ્લેખિત તારીખે હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે આવી લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. લિલામી નહીં કરેલા દાગીના લિલામી મંચ અને/અથવા લિલામી કેન્દ્ર પર વિગતો પ્રદર્શિત કર્યા પછી ત્યાર બાદના કામકાજના દિવસે લિલામી કરાશે. શાખા સ્તરે લિલામી ઇચ્છિત પ્રતિસાદ પ્રાપ્ત નહીં કરી શકે તો તે નિર્દિષ્ટ જિલ્લા કેન્દ્ર ખાતે જિલ્લા સ્તરે કોઈ પણ વધુ સૂચના વિના **05.03.2025** ના રોજ ફરીથી લિલામી કરાશે. જો કોઈ કારણસર જિલ્લા સ્તરે લિલામી અહીં ઉલ્લેખિત તારીખના રોજ હાથ ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ તે જ નિયમો અને શરતો સાથે કોઈ પણ ત્યાર પછીની તારીખે જિલ્લા સ્તરે લિલામી હાથ ધરવાનો અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો ગ્રાહક મૃત્યુ પામે તો લિલામી સંબંધી બધી શરતો નોમિની /કાનૂની વારસદારને લાગુ થશે.

જિલ્લા કેન્દ્રઃ **નવસારી-સયાજી લાઈબ્રેરી રોડ જીએલ - ભોંયતળિયે, સ્પીટી હાઉસ, અંબા આર્કેડની બાજુમાં, હોટેલ સૌરસની સામે, સયાજી લાઈબ્રેરી નજીક, નવસારી-396445.**

શાખાનું નામઃ અમલસાડ જીએલ, તાલુકો - ગણદેવી
ગોલ્ડ લોન અકાઉન્ટ નં.: GL33249408.
શાખાનું નામઃ બિલિમોરા- મેઈન રોડ જીએલ, તાલુકો - ગણદેવી
ગોલ્ડ લોન અકાઉન્ટ નં.: GL32856139, GL32837416, GL31725467, GL31719299, GL32849151, GL32849299.
શાખાનું નામઃ ચીખલી-જીએલ, તાલુકો - ચીખલી
ગોલ્ડ લોન અકાઉન્ટ નં.: GL33902924, GL33721746, GL33740464, GL33729794, GL33267988, GL26386215, GL23541056, GL28931361, GL33737031, GL33956064, GL33980240, GL33725474, GL25799698, GL32985560, GL32968172, GL33474493, GL33990264, GL33026550.
શાખાનું નામઃ ખેરગામ-જીએલ, તાલુકો - ચીખલી
ગોલ્ડ લોન અકાઉન્ટ નં.: GL33335509, GL33350050, GL25669883, GL33406739, GL32654449, GL32659137, GL33174195, GL33154313, GL33369882, GL25759231, GL33481614, GL33807156.
શાખાનું નામઃ નવસારી-સયાજી લાઈબ્રેરી રોડ જીએલ, તાલુકો - નવસારી
ગોલ્ડ લોન અકાઉન્ટ નં.: GL33428856, GL33406101, GL33278389, GL33356060, GL33287737, GL33163485, GL33525293, GL33262060, GL33243332, GL33394045, GL33395370.
શાખાનું નામઃ વાંસદા જીએલ, તાલુકો - વાંસદા
ગોલ્ડ લોન અકાઉન્ટ નં.: GL33946288, GL33965393, GL31541521, GL31558707, GL33889019, GL33871021.

ઈ–લિલામી 'જેમ છે જ્યાં છે,' 'જે છે તે' અને 'ત્યાં જે છે તે' ધોરણે હાથ ધરાશે અને આઈઆઈએફએલ કથિત સોનાના દાગીનાની ગુણવત્તા, શુદ્ધતા, કેરેટેજ, વજન અથવા મૂલ્યાંકન વિશે કોઈ આલેખન કે બાંયધરી આપતી નથી. ઈ–લિલામી પ્રક્રિયા અને આવી ઈ–લિલામ અંતર્ગત વેચાણ (જો કોઈ હોય તો) આઈઆઈએફએલ તેની એકમેવ મરજીથી લાદવાનું અનુકૂળ માની શકે તે નિયમો અને શરતોને આધીન રહેશે. આઈઆઈએફએલ, તેની એકમેવ મરજીથી લિલામીની યાદીમાંથી કોઈ પણ બાબત અને કોઈ પણ કાર્યવાહી, પૂર્વસૂચના આપ્યા વિના અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના મોકૂફ અથવા દૂર કરી શકે અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ અથવા સર્વ બિડ્સ અથવા ઓફરો નકારી શકે છે. કસૂર કરનારા ઋણદાર(રો), ગિરવે મૂકેલા દાગીનાની વિગતો તેમ જ અન્ય વિગતો સંબંધિત શાખા ખાતે પ્રદર્શિત કરાઈ છે. ડિફોલ્ટર ઋણદાર(રો) પાસે આ સૂચનાની પ્રસિદ્ધિ પછી પણ તે તારીખ સુધી વ્યાજ અને સર્વ લાગુ શુલ્ક સહિત સંપૂર્ણ લેણાં પુનઃચુકવણી કરવાનો અને તેમનું લોન અકાઉન્ટ બંધ અથવા નિયમસર કરવાનો વિકલ્પ છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં લિલામીની તારીખ સુધી જ આ વિકલ્પ અજમાવી શકશે, જેમાં નિષ્ફળ જવા પર ગિરવે મૂકેલા સોનાના દાગીના લિલામી કરવામાં આવશે અને બાકી લેણાં (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરાશે. જોકે કસૂર કરેલી લોન આ પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા પછી બંધ કે નિયમિત કરાય તો પ્રમાણસર પ્રકાશન શુલ્ક ભોગવવાનો રહેશે. ઋણદારને જો કોઈ હોય તો, વધારાની લિલામીની પ્રાપ્તિઓના રિફંડ માટે તેમની છેલ્લામાં છેલ્લી બેન્ક અકાઉન્ટની વિગતો સુપરત /અપડેટ કરવાની વિનંતી છે.

વિગતવાર માહિતી, નિયમો અને શરતો માટે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડના સંબંધિત શાખા કાર્યાલયનો સંપર્ક કરો.

તારીખઃ 19.02.2025
સ્થળઃ નવસારી

સહી/-
અધિકૃત સહીકર્તા
આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ

બૈંક ઑફ મહારાષ્ટ્ર
Bank of Maharashtra
A GOVT. OF INDIA UNDERTAKING
एक परिवार एक बैंक

મુંબઇ દક્ષિણ ઝોન :- બીજો માળ, જનમંગલ,૪૫/૪૭, મુંબઇ સમાચાર માર્ગ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧ ટેલિ: ૦૨૨-૨૨૬૭૫૮૯૯, **ઇ-મેલ :** legal_mcr@mahabank.co.in
હેડઓફીસ :- લોકમંગલ, ૧૫૦૧, શિવાજીનગર, પૂણે-૫

સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ સૂચના (પરિશિષ્ટ-IV-A)

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટેની ઇ-હરાજી વેચાણ નોટીસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને લેનારા/ઓ અને બાંયધરી આપનારને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો બેંક ઓફ મહારાષ્ટ્ર પાસે ગીરો/ચાર્જ કરેલ, જેનો કબજો બેંક ઓફ મહારાષ્ટ્રના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, "આ પ્રમાણે" વેચવામાં આવશે **૧૧.૦૩.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરના ૩:૦૦ વાગ્યાની વચ્ચે** બેંક ઓફ મહારાષ્ટ્રના બાકી બેલેન્સની વસૂલાત "જ્યાં છે", "જેમ છે" અને "જે ત્યાં છે" કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ઋણ લેનાર (ઓ) અને બાંયધરી આપનાર (ઓ) પાસેથી કરશે. લેણદાર/ઓ અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, તેનું ટૂંકું વર્ણન સ્થાવર મિલકત અને તેના પર જાણીતી બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બયાનની થાપણ પણ નીચે મુજબ આપવામાં આવી છે -

સ્ટ્રેસ એસેટ મેનેજમેન્ટ શાખા :- 9766024933/ 9898499411

ક.મ નં.	લેણદારનું નામ	ગેરેન્ટરનું નામ	બાકી રકમ	સ્થાવરનું ટૂંકું વર્ણન જાણીતા બોજો સાથે મિલકત	અનામત કિંમત / ઇએમડી / બિડ વધારો
1	**મેસર્સ યુનિટેક ઇન્ટરનેશનલ લિમિટેડ**	**શ્રી. ધ્રુવ રાજેશ દેસાઇ**	રૂ. ૨૭,૧૨,૦૭,૬૧૬.૦૦ (રૂપિયા સત્તાવીસ કરોડ બાર લાખ સાત હજાર છસો સોળ ફક્ત) ૦૩.૦૬.૨૦૨૩ ના રોજ તેના પરના વ્યાજ સાથે કરાર દર(ઓ) અને આકસ્મિક ખર્ચ, ખર્ચવામાં આવેલ ખર્ચ/ કરવામાં આવશે ચુકવણીની વાસ્તવિક તારીખ સુધી	એન.એ. પ્લોટ પર આવેલી ફેક્ટરીની જમીન અને મકાન નંબર ૨ ક્ષેત્રફળ ૫૭૨૯.૨૫ ચો. ફુ. મુ. પો. સર્વે નં. ૧૮૬, ગામ સુરગણી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી સિલવાસા-૩૯૬૨૩૦. **(બોજો જાણીતુ નથી (સાંકેતીક કબ્જો)**	**અનામત કિંમત: ૪૦૨.૦૦ લાખ EMD: ૪૦.૨૦ લાખ બિડ વધારો રકમ: ૦.૫૦ લાખ**

છેલ્લી કોલમમાં ઉલ્લેખિત વિગતો
હરાજી વેબસાઇટ - https://baanknet.com/
મિલકતનું નિરીક્ષણ મિલકતની તપાસ અને વિગતો માટે કૃપા કરીને સંબંધિત શાખાનો સંપર્ક કરો : **તારીખ ૨૪.૦૨.૨૦૨૫ થી ૦૧.૦૩.૨૦૨૫. 11:00 a.m. થી 05:00 p.m. ની વચ્ચે, અગાઉની મુલાકાત સાથે**
EMD/ સહભાગિતાનો પત્ર/ KYC દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ - ૧૦.૦૩.૨૦૨૫ સુધીમાં અથવા બેંકનેટ નિયમો મુજબ,
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને બેંકની વેબસાઇટમાં આપેલી https://bankofmaharashtra.in/asset-for-sales-search લિંકનો સંદર્ભ લો અને https://baanknet.com (અગાઉના E-bikray) પોર્ટલ પર
ઇ-હરાજીની તારીખ અને સમય : ૧૧.૦૩.૨૦૨૫ થી સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી જો છેલ્લી ૫ મિનિટમાં બોલી મૂકવામાં આવે તો ૫ મિનિટ માટે ઓટો એક્સટેન્શન સાથે

તારીખ :-૧૮.૦૨.૨૦૨૫
સ્થળ : મુંબઇ

સહી/-
ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી
બેંક ઓફ મહારાષ્ટ્ર

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
નોંધણીકૃત કાર્યાલયઃ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
CIN No.: L67120MH2008PLC181833
શાખા કાર્યાલયઃ સુરત

L&T Finance

જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

ઋણદાર અને સહ–ઋણદારનું નામ	સંરક્ષિત મિલકતનું સરનામું	લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રત્યક્ષ લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (રૂમાં)	02.02.202ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (રૂમાં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
(1) ભરત મોહનદાસ ભરવાની (2) આશા ભરત ભરવાની (3) મેસર્સ બી. ઈન્ફ્રા (તેના પ્રોપરાઈટર ભરત ભરવાની મારફતે)	સંપત્તિના ખંડ અને ટુકડાં બંધાંનું સરનામુંઃ ફ્લેટ નં. 402, ચોથો માળ, જેનું માપ 100.19 ચો. મી. થાય છે, જેની સાથે રેવન્યૂ સર્વે નં. 41, બ્લોક નં. 48/બી, સિટી સર્વે નં. 159/1/4, ટી. પી. સ્કીમ નં. 28 (અલ્થાણ–ભટાર), ફાઈનલ પ્લોટ નં. 48(બી) (પેટા–પ્લોટ નં. 2) જેનું માપ 4288 ચો. મી. થાય છે, મોજે અલ્થાણ, સુરત શહેર ખાતે આવેલી રાજ રેસિડેન્સીના બિલ્ડિંગ નં. બી–1ની જમીનમાં અવિભાજિત હિસ્સો.	SRTHL1800 2391 / SRTHL1800 2507 / SRTHL1800 2503	12 ફેબ્રુઆરી, 2025	રૂ. 4,72,164/-	રૂ. 1,01,02,324.77 /-	રૂ. 47,21,640	પૂર્વ એપોઈન્ટમેન્ટ સાથે સવારે 10.00થી સાંજે 5.30 સુધી સર્વ કામકાજના દિવસે.	25.03.2025 બપોરે 12:30 વાગ્યાથી 2:00 વાગ્યા સુધી

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એફડિ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/under થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે" અને "જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજી ભાગ લેવા માટે ઇચ્છુક ખરીદદાર/બિડરોએ **24/03/2025**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **25/03/2025**ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **26/03/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, જેમનું **નામઃ શ્રી દિલીપ મિશ્રા, એલ&ટી ફાયનાન્સ, ઈકો કોમર્ઝ કોમ્પલેક્ષ, ૩જો માળ, 308થી 311 અને 322થી 326, જીડી ગોયંકા રોડ, સંગીની અરાઈઝ સામે, વેસુ, સુરત-395007 અને શ્રી સંતોષ તિવારી, એલ&ટી ફાયનાન્સ, બ્રિંદાવન, પ્લોટ નં.177, સીએસટી રોડ, કાલીના, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-400 098, મહારાષ્ટ્ર, ભારત સંપર્ક નં.022-6807666.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈપણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ'ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 19.02.2025
સ્થળઃ સુરત

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

ભેસ્તાનમાં મિત્રના દીકરા સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય

જનાદેશ પ્રતિનિધિ, સુરત : સુરત શહેરના ભેસ્તાન વિસ્તારમાં એક હચમચાવી મૂકતી ઘટના સામે આવી છે. જેમાં યુવકે પોતાના જ મિત્રના ૯ વર્ષના દીકરા સાથે સૃદિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું. મિત્રના ઘરે જમવા જનાર આ યુવકે બાળકને કપડાં અને ઈયરફોન આપવાની લાલચ આપી, મેદાનમાં લઈ જઈ સૃદિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું. બાળક ડરી ગયો હતો, પરંતુ આખરે તેણે માતાને સઘળી હકીકત જણાવી. ભેસ્તાન પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ભીંડી બજાર, ઈસ્માઈલ નગર, ઊન પાટિયા, ભેસ્તાનમાં રહેતો મોહીદૂર જહીદુલ શેખ ભેસ્તાન વિસ્તારમાં જ રહેતા એના મિત્ર સાથે કામ કરતો હતો. બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી, જેથી મોહીદૂર ઘણીવાર મિત્રના ઘરે જમવા જતો હતો. તા. ૧૬/૨/૨૦૨૫ ના સાંજના ૭થી ૭:૩૦ વાગ્યા દરમિયાન મોહીદૂર તેના મિત્રના ઘરે આવ્યો હતો.

ભરૂચની SVMIT એન્જીનીયરીંગ કોલેજમાં પુસ્તક પ્રેમ પર્વનું આયોજન કરવામાં આવ્યુ

જનાદેશ પ્રતિનિધિ, ભરૂચ : ભરૂચની SVMIT એન્જીનીયરીંગ કોલેજમાં તારીખ ૧૪/૦૨/૨૦૨૫નાં રોજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સેન્ટ્રલ લાયબ્રેરી પ્રેરિત અને શ્રી સદવિદ્યા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી લાયબ્રેરી દ્વારા આયોજીત 'પુસ્તક પ્રેમ પર્વ' અન્વયે અધ્યાપક મિત્રો, વિદ્યાર્થીઓ તેમજ તમામ કર્મચારીગણ માટે શ્રી સંસ્થાનાં ગાર્ડનમાં સમૂહ વાંચન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાનાં રિરેકટર જીવરાજભાઇ પટેલ, કોલેજન્ પ્રિન્સીપાલ ડો. દિપક દેવરે, કોલેજનાં લાયબ્રેરીયન ડો. ધીરેન્દ્રસિંહ માટીએડા સહિત તમામ લાયબ્રેરી સ્ટાફે ઉપસ્થિત રહીને વાંચન કર્યુ હતું. તેમની સાથે કુલ ૫૬ અધ્યાપક મિત્રો, નોન ટીચીંગ સ્ટાફ, ટેક્નીકલ સ્ટાફ, સહાયક સ્ટાફ તથા ૧૨ વિદ્યાર્થીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતાં. સદર કાર્યક્રમ માટે જરૂરી માર્ગદર્શન સંસ્થાનાં રિરેકટર જીવરાજભાઇ પટેલ તથા કોલેજનાં પ્રિન્સીપાલ ડો. દિપક દેવરેએ આપ્યું હતું.

પાવરગ્રિડ
POWERGRID

જાહેર સૂચના
નવી હાઇ વોલ્ટેજ વીજ લાઇન થી "સાવધાન" રહો

આથી જાહેર જનતા ને જણાવવામાં આવે છે કે પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ દ્વારા નવી બાંધકામ કરવામાં આવેલ ૪૦૦ કે વી મલ્ટી સર્કિટ ન્યૂ નવસારી - મગરવાડા ટ્રાન્સમિશન લાઇન તારીખ:- ૨૦-૦૨-૨૦૨૫ ના રોજ અથવા ત્યારબાદ વીજ લાઇન કોઇપણ સમયે વીજ પ્રવાહ વહેતો કરવામાં આવશે. (૪,૦૦,૦૦૦ વોલ્ટ) પર ચાર્જ થશે.
ઉપરોક્ત વીજ લાઇન પાવરગ્રિડ ના ૭૫૫/૪૦૦/૨૨૦ કે વી સબ સ્ટેશન સાથે જોડાયેલ છે જે ગામ ઉભરાટ, તાલુકા - જલાલપુર જિલ્લો- નવસારી, ગુજરાત (રાજ્ય) ખાતે સ્થિત છે. વીજ લાઇન ઉભરાટ ગામ સ્થિત જી આઇ એસ સબ સ્ટેશનથી શરૂ થઇ અને પાવરગ્રિડ ના ૪૦૦/૨૨૦ કે વી સબસ્ટેશન, ગામ - મોટી દમણ, જિલ્લો-દમન, દમણ અને દીવ અને ડીએનએચ (કેન્દ્રશાસિત પ્રદેશ) સાથે જોડાયેલ છે.
આ વીજ લાઇન ગુજરાત, દમણ અને દીવના નીચેના ગામો, નગરો અને શહેરોમાંથી પસાર થશે :-

અનુ.	ગામ ના નામ	તાલુકો	જિલ્લો	રાજ્ય
૧	દિપલા, ઉભરાટ, નિમલાઇ, માંગરોલ, પુજન, દાલકી, સીમલગામ, મિઝાંપોર, છિણમ, તાવડી, બોદાલી, જલાલપોર, પેથાન, એથાન, અઘ્રામા, આટ, કોથમડી, કલથાન, ખરસાડ, પનાર, કનેરા.	જલાલપોર	નવસારી	ગુજરાત
૨	કોથા, છાપર, કલમથા, ગોચંદી ભાટલા, ખાપરવાડા, મોરલી, વાઘરેચ, વણગામ બિગરી	ગણદેવી	નવસારી	ગુજરાત
૩	ઓલગામ, સોનવાડ, ઘનોરી, રોલા, જેશપોર, ઇન્દરગોટા, ખજુરડી, પાલન, મૂળી, ફણસવાળા, ઓવાળા, ઘડોઇ, જુજવા, પાથરી, ગડસ્યિા, અંજલાવ, બિનવાળા, કોચવાડા.	વલસાડ	વલસાડ	ગુજરાત
૪	સુખેસ, કુંબારિયા, સુખલાવ, વેલપારા, ડુંગરી, સરોધી, તિઘરા, ઓરવાડ, સરણ	પારડી	વલસાડ	ગુજરાત
૫	વટાર, કુંટા	વાપી	વલસાડ	ગુજરાત
૬	જાનિવંકડ, વરકુંડ, રિંગણવાડા, દુનેથા, પટલારા, મગરવાડા	દમણ	દમણ	કેન્દ્રશાસિત પ્રદેશ દમન અને દીવ અને ડીએનએચ

આથી જાહેર જનતા ની સલામતીને ધ્યાનમાં રાખીને અને ભારતીય વીજ અધિનિયમ-૨૦૦૩ ની કલમ (૬૮) પેટા કલમ (૫) મુજબ, ઉપરોક્ત ઉલ્લેખિત વીજ લાઇનની નીચે અને નજીક બાંધકામ અથવા અન્ય કોઇપણ વસ્તુ સ્થાપિત કરવા, જે વીજળીના સંચાલન અને જાળવણીમાં અવરોધ ઉભો કરી શકે છે. લાઇન નીચે કોઇપણ પ્રકારની જ્વલનશીલ સામગ્રીનો સંગ્રહ કરવો, આગ લગાડવી, ઇંણચા પાઇપો અથવા થાંભલાઓનું પરિવહન કરવું અથવા ઇંટનો ભઠ્ઠો સ્થાપિત કરવો પ્રતિબંધિત છે. ટાવર પર ચઢવા અથવા ટાવરના પાયાની નજીક ખોદકામ કરવાની સખત મનાઇ છે.
ભારતીય વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ અને નિયમ ૧૯૫૬ હેઠળ, જાહેર જનતા ને અનુરોધ કરવામાં આવે છે કે ઉપરોક્ત વીજ લાઇનના ટાવર પર ન ચઢવા અને વીજળીના વાયરોથી યોગ્ય અંતર જાળવવા માટે જણાવવામાં આવે છે. અન્યથા જાનમાલનું નુકસાન થઇ શકે છે અને જો આ ચેતવણીને અવગણના કરવાથી કોઇ પણ જાતની જાનહાનિ કે સંપત્તિનું નુકસાન થાય તો પાવરગ્રિડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ તેના માટે જવાબદાર રહેશે નહીં. અકસ્માતના કિસ્સામાં, ઉલ્લંઘન કરનાર પોતે જવાબદાર રેશે. ટ્રાન્સમિશન લાઇનના સુગમ સંચાલનમાં અવરોધ ઊભો કરવા બદલ ઉલ્લંઘન કરનાર સામે કાનૂની કાર્યવાહી થઇ શકે છે.

મહા પ્રબંધક (પાવરગ્રિડ, નવસારી)

પાંડેસરાની ઉદ્યોગ ભારતી વિદ્યાલયમાં રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઝોન લેવલની યોગાસન સ્પર્ધા-૨૦૨૫ યોજાઇ

જનાદેશ પ્રતિનિધિ, સુરતઃ રાજ્યમાં યોગને ઘરે-ઘરે પહોંચાડવા અને નાગરિકોમાં યોગ વિશે જાગૃતિ લાવવા, તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ હંમેશાં પ્રયત્નશીલ રહ્યું છે. આ સંદર્ભે યોગ બોર્ડ દ્વારા સુરતમાં ઉદ્યોગ ભારતી વિદ્યાલય ખાતે યોગાસન સ્પર્ધા-૨૦૨૫ યોજાઇ હતી. યોગ અભિયાનના ભાગરૂપે ગત તા.૯ ફેબ્રુ.ના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં યોગાસન સ્પર્ધા-૨૦૨૫ યોજાઇ હતી. જે પૈકી વિજેતાઓની ઝોન લેવલની સ્પર્ધા ગત રવિવારે પાંડેસરાની ઉદ્યોગ ભારતી વિદ્યાલયમાં યોજાઇ હતી. જેમાં સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડના ૧૨૦ સ્પર્ધકો જોડાયા હતા. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા બનનાર સ્પર્ધકો ગુજરાતના સૌથી સારા યોગ ચેહ્નિખયન ગણાશે અને તેઓ રાષ્ટ